ગાંધીનગર સમાચાર
તા. ૧૫-૪-૨૦૧૫, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### નકસલવાદ સામે કડક કાર્યવાહી જરૂરી

દેશના વડાપ્રધાન દુનિયામાં દેશનું નામ રોશન કરવા માટે અને એમના 'મેક ઇન ઇન્ડિયા' પ્રોજેક્ટને સફળ બનાવવા ફ્રાંસથી જર્મની અને ત્યાંથી કેનેડાના આનંદદાયક પરદેશી પ્રવાસનાં સોપાન સર કરી રહ્યા હતા ત્યારે ભાજપ શાશિત છત્તીસગઢના નકસલ પ્રભાવિત દંતેવાડામાં બાવન કલાકમાં એક પછી એક ચાર ઘાતકી હુમલા કરીને જવાનોને બારોબાર પરલોક પહોંચાડવાની આતંકવાદી પ્રવૃત્તિ ચાલતી હતી. સુરક્ષાદળોના બખ્તરિયા વાહનને નકલસવાદીઓએ સુરંગથી ઉડાવી દીધું. શહીદી વહોરવા માટે જ સુરક્ષાદળમાં ભરતી થયા હોય એમ આ નવલોહિયા જવાનો એમનાં 'અચ્છે દિન' જોવાનાં સપનાં મનમાં ને મનમાં ભંડારી દઇ વડાપ્રધાનના વિશેષ વિમાન કરતાં પણ વધુ ઝડપથી યમલોકની યાત્રાએ ઊપડી ગયા છે. આપણે સરહદો સાચવવા માટે મોંઘામૂલનાં મિસાઇલ અને લડાકૂ વિમાનોના સોદા પાર પાડવામાંથી ઊંચા નથી આવતા, અને અહીં ઘર આંગણે આપણા જ નકસલવાદીઓ આપણા જવાનોનો કચ્ચરઘાણ વાળી રહ્યા છે. આશ્ચર્યની વાત એ છે કે કોંગ્રેસના આખેઆખા કાફલાને નેસ્તનાબૂદ કરનારા આ નકસલવાદીઓએ છત્તીસગઢના શાસન પક્ષના અદના કાર્યકર સામે બંદૂક તાકી હોય એવો બનાવ આજ લગી બન્યો નથી; કદાચ બન્યો હોય તો એને મીડિયાએ કવર કરેલ નથી. આંતરિક સુરક્ષાનો હવાલો સંભાળતા ગૃહમંત્રી રાજનાથસિંહ આવા બનાવો પછી પણ નથી રાજયના મુખ્યમંત્રીને ઠપકો આપી શકતા કે નથી આવી ગોઝારી ઘટનાઓ નહીં રોકી શકવા બદલ પોતાની જવાબદારી સ્વીકારતા. દેશ સામે ઘણા બધા પડકારો છે જેમાં આંતરિક સુરક્ષા સામેનો પડકાર કદાચ સીમા સુરક્ષા કરતાં પણ વધુ ગંભીર છે. સીમા ઉપર તો આપણે સુરક્ષાદળોને છૂટો દોર પણ આપી શકીએ છીએ. આંતરરાષ્ટ્રીય સ્તરે પણ એ પ્રશ્નો ઉહાપોહ કરી શકીએ છીએ. પણ પેટ ફાટ્યું ત્યાં પાટા શી રીતે બાંધીશું? નકસલવાદીઓ ભારતીય નાગરીકો છે, વળી તે વનવાસીઓ છે - સર્વહારા સમુદાય એના હક્કો માટે આવી રીતે કાયદો હાથમાં લઇ બેઠા છે અને એમાં એને ચીન તથા પાકિસ્તાન જેવા પાડોશી દેશોમાંથી ભરપૂર સહયોગ સાંપડતો રહે છે. ભારતને મહાસત્તા બનાવવા માગતા વર્તમાન શાસકો સામે આ બહુ મોટો પડકાર છે. સરકારે નિર્દોષ લોકોની હિંસા અટકાવવા સક્રિય થવું જ રહ્યું. એક તરફ સરકાર નકસલવાદીઓના પ્રશ્નો ઉકેલવામાં નિષ્ફળ ગઇ છે અને બીજી તરફ નકસલવાદીઓ ફાટીને ઘુમાડે ગયા છે અને વારે-તહેવારો પોતાનું વજૂદ સાબિત કરવા સીધા જ સુરક્ષાબળોને અને પોલીસને નિશાન બનાવે છે. અભેદ્ય સુરક્ષા કવચ વચ્ચે મોજમજા કરતા રાજનેતાઓને આ પેટ ખાતર વેઠ કરનારા જવાનોનું દુઃખદર્દ કોણ સમજાવે!

# ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા વધુ સુધારવાની જરૂર છે

## આંબેડકર યુનિવર્સિટીના નવા ભવનના લોકાર્પણ સમયે ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની હાજરીમાં મુખ્યમંત્રીની ટિપ્પણી

અમદાવાદ, તા.૧૪

રાજયના મુખ્યપ્રધાન આનંદીબેન પટેલે ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા અંગે જાહેરમાં ભારોભાર રોષ પ્રગટ કર્યો છે. આ માટે તેઓ આગામી દિવસમાં રાજયની તમામ યુનિવર્સિટીઓના કુલપતિઓની મહત્વની બેઠક યોજશે તેમ પણ જણાવ્યું છે. અમદાવાદના એસજી હાઈવે સ્થિત બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના નવા ભવનના લોકાપર્ણ સમયે આનંદીબેને રાજયના શિક્ષણ પ્રધાન ભુપેન્દ્રસિંહ ચુડાસમાની ઉપસ્થિતિમાં જ આ ગંભીર ટિપ્પણી કરી છે.

અમદાવાદમાં મુખ્યપ્રધાન આનંદીબેન પટેલે બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં નવા ભવનના લોકાર્પણ સમયે પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં આ ગંભીર ટિપ્પણી કરી હતી. આનંદીબેને ગુજરાત યુનિવર્સિટીના નામનો ઉલ્લેખ કર્યા વગર જણાવ્યું કે એવી યુનિવર્સિટી છે કે જ્યાં પોલીસ મૂકવી પડે છે. એવી કેવી યુનિવર્સિટી છે કે જ્યાં વિદ્યાર્થીઓ કુલપતિનો ઘેરાવ કરે છે. તેઓએ રાજયની વિવિધ યુનિવર્સિટીમાં શૈક્ષણિક કાર્ય સમયસર ન થતું હોવા અંગે પણ દુઃખ વ્યક્ત કર્યું હતું.

આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે, ટુંક સમયમાં રાજયની તમામ યુનિવર્સિટીઓમાં કુલપતિઓની બેઠક બોલાવી આ પરિસ્થિતિઓનો નિકાલ લાવવા પ્રયત્ન કરવો જોઈએ. મુખ્યમંત્રી વધુમાં ઉમેર્યું કે રાજયમાં શિક્ષણ વ્યવસ્થાની કથળી છે. સમયસર પરીક્ષાઓ લેવાતી નથી, પરીક્ષા લેવાય છે તો સમયસર પરિણામ જાહેર થતા નથી, ચાલુ પરીક્ષાએ પેપર લિક થઈ જાય છે, અને આખે આખું પેપર જ જુદા અભ્યાસક્રમનું પુછી લેવામાં આવે છે. આ તમામ બાબતો રાજયમાં કથળેલી શિક્ષણ વ્યવસ્થાનો પુરાવો આપે છે. આ તમામ ટિપ્પણી મુખ્યપ્રધાને રાજયના કેબિનેટ શિક્ષણપ્રધાન ભુપેન્દ્રસિંહ ચુડાસમાની ઉપસ્થિતિમાં જ કરી જેથી રાજકીય દુનિયામાં આ ટિપ્પણીને ખુબજ ગંભીર રીતે જોવાઈ રહી છે. મુખ્યમંત્રીની આ ટિપ્પણી બાદ શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ તેમના સૂચનો ઉપર ધ્યાન આપવાનું જણાવી વધુ કોઈ ટિપ્પણી કરવાનો સ્પષ્ટ ઈન્કાર કર્યો હતો.

## કચ્છ-કાઠિયાવાડ રાજપૂત સમાજ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાની તાલીમ વર્ગો

ગાંધીનગર, તા. ૧૪

શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ ગાંધીનગર દ્વારા તલાટી કમ-મંત્રી માટેના તાલીમ વર્ગોનું આયોજન કર્યુ છે. તાલીમ વર્ગો આગામી ૩ મે રવિવાર સવારે ૧૦થી ૧ વાગ્યા દરમિયાન સમાજ કાર્યાલય બ્લોક નં. ૧૪૬/૪ ચ-ટાઈપ, સેક્ટર-૧૭ ખાતે યોજાશે.

તેમજ સમાજ દ્વારા જીપીએસી વર્ગ-૧ અને ૨ પરીક્ષા માટે તાલીમ વર્ગો શરૂ કરવામાં આવનાર છે. જેમાં ઈતિહાસકાર જનકભાઈ ગઢવી અને અર્થશાસ્ત્રી જનકભાઈ ગઢવી માર્ગદર્શન આપશે. શિક્ષણવિદ્ દ્વારા ગુજરાતનો ઈતિહાસ, ભારતીય અર્થવ્યવસ્થા વિષય પર વિસ્તૃતમાં માહિતી આપવામાં આવશે. તાલીમ વર્ગોમાં જોડાવા ઈચ્છુક સમાજના ઉમેદવારોએ કાર્યાલયનો સંપર્ક કરવા પ્રમુખે જણાવ્યું છે.

## ગુજરાત લો સોસાયટી દ્વારા નવા અભ્યાસક્રમ શરૂ કરાશે

### નવા પ્રોફેશનલ અભ્યાસક્રમો શરૂ કરવાની કવાયત શરૂ

અમદાવાદ, તા.૧૪

અમદાવાદમાં છેલ્લા ૮૮ વર્ષથી કાર્યરત ગુજરાત લો સોસાયટીને રાજ્ય સરકાર તરફથી સ્વતંત્ર યુનિવર્સિટીનો દરજ્જો આપવામાં આવ્યો છે. જેના પગલે હવે ગુજરાત લો સોસાયટી દ્વારા વર્તમાન સમયને અનુરૂપ નવા પ્રોફેશનલ અભ્યાસક્રમો શરૂ કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત કેટલાક અભ્યાસક્રમ આગામી શૈક્ષણીક વર્ષથી શરૂ કરી દેવામાં આવશે. પ્રાપ્ત થતી માહીતી મુજબ છેલ્લા ૮૮ વર્ષથી અમદાવાદ ખાતે કાર્યરત ગુજરાત લો સોસાયટી દ્વારા ૮ લો કોલેજોનું સંચાલન કરવામાં આવે છે. અત્યાર સુધી આ ગુજરાત લો સોસાયટી ગુજરાત યુનિવર્સિટી અંતર્ગત પોતાનું સંચાલન કરતી હતી. જો કે તાજેતરમાં રાજય સરકાર દ્વારા ગુજરાત લો સોસાયટીને સ્વતંત્ર યુનિવર્સિટી તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો છે. જે મુજબ ગુજરાત લો સોસાયટીએ ગત ૧૧ માર્ચથી સ્વતંત્ર યુનિવર્સિટી તરીકે કામ કરવાની શરૂઆત પણ કરી દીધી છે.

હવે આ ગુજરાત લો સોસાયટી દ્વારા વર્તમાન સમયને અનુરૂપ નવા પ્રોફેશનલ અભ્યાસક્રમ શરૂ કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. આ અંગે ગુજરાત લો સોસાયટી યુનિવર્સિટીના પ્રેસિડેન્ડ સુધીર નાણાવટીએ જણાવ્યું હતું કે, ગુજરાત લો સોસાયટીને સ્વતંત્ર યુનિવર્સિટી તરીકે દરજ્જો આપવામાં આવ્યો છે. જે ને પગલે નવા અભ્યાસક્રમોનું માળખું અને વિદ્યાર્થી લક્ષી પ્રવૃતિઓનો વિસ્તાર કરી શકાશે આ ઉપરાંત વર્તમાન સમયની માંગને અનરૂપ અને ઉદ્યોગ જગતમાં જેની માંગ છે તેવા ઈન્ફોર્મેશન ટેકનોલોજી લો, કોમ્યુનિકેશન મેનેજમેન્ટ અને ડિઝાઈનિંગના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવશે. સંસ્થાના ડિરેકટરે જણાવ્યું હતું કે, ગુજરાત લો સોસાયટી અંતર્ગત અત્યારે ૮ કોલેજો કાર્યરત છે ત્યારે હવે ગુજરાત લો સોસાયટી સ્વતંત્ર યુનિવર્સિટીનો દરજ્જો મેળવ્યા બાદ આગામી સમયમાં મેડિસિન, એન્જિનિયરીંગ, આર્ટસ, ટેકનોલોજી, હોસ્પિટાલીટી મેનેજમેન્ટ જેવા અભ્યાસક્રમોમાં નવો કિર્તીમાન સ્થાપવા માંગે છે. આ પૈકીના કેટલાક અભ્યાસક્રમો નો આગામી શૈક્ષણીક વર્ષથીજ લાગુ કરી દેવામાં આવશે.



ભારત રત્ન ડૉ. બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિની જય પ્રકાશ વિદ્યાલય દ્વારા ઉજવણી કરવામા આવી હતી. શાળાના પટાંગણમાં આ નિમિત્તે આચાર્ય દ્વારા બાબા સાહેબના જીવન કવન ઉપર રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે શાળા સંચાલક મંડળના હોદ્દેદારો, શિક્ષકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

### સે-૧૬ લૉ કોલેજમાં બાબા સાહેબને અંજલિ અપાઈ

ગાંધીનગર, તા.૧૪

શહેરના સેકટર-૧૬ સ્થિત સિધ્ધાર્થ લૉ કોલેજ ખાતે ડૉ. બાબા સાહેબની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જન્મ જયંતિ નિમિત્તે કોલેજમાં આવેલ બાબા સાહેબના તૈલચિત્રને ફુલહાર કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રિન્સિપાલ, અધ્યાપકગણ, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા તેમજ ડૉ. બાબા સાહેબના જીવન પર વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી.


### જિલ્લા દલિત સેનાઓ ઢોલ નગારા વગાડી ડૉ. બાબાસાહેબનો શ્રધ્ધાંજલિ અર્પી

ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા ડૉ. બાબા સાહેબની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે શોભાયાત્રા કાઢી પ્રેરણાભૂમિ સ્થિત ડૉ. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ઢોલ નગારા અને શરણાઈ સાથે નિકળેલ શોભાયાત્રામાં દલિત સેનાના આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ લાભ લીધો હતો. બાબુભાઈ મેસરવાલા, દાનાભાઈ મિસ્ત્રી, મોહન બાલુવાકર, દિનકર પરમાર, અશ્વિન પરમાર સહિત મોટી સંખ્યામાં હોદ્દેદાર સભ્યો જોડાયા હતાં.

# આજે જગદ્ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્ય - મહાપ્રભુજીનો પ્રાગટ્ય દિન

**પ્રસંગસર**
સુમંત શાહ

જગદ્ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી નું પ્રાગટ્ય સંવત ૧૫૩૫ના ચૈદ વદ - ૧૧ને શુભદિને ચંપારણ્યમાં થયું હતું. આજે તેઓશ્રીનો ૫૩૭મો પ્રાગટ્ય મહોત્સવ છે. તેઓશ્રીએ પુષ્ટિજીવોના ઉદ્ધાર માટે સાક્ષાત શ્રીકૃષ્ણની પ્રેરણાથી માનવીને બ્રહ્મસંબંધ આપી વૈષ્ણવો સમર્પિત જીવન જીવી પુષ્ટિભક્તિ સેવાથી તેના ફળ સ્વરુપે પણ શ્રીકૃષ્ણની સેવા અને સાયુજ્ય - મોક્ષ મેળવવા પુષ્ટિમાર્ગીય સંપ્રદાયની સ્થાપના, પ્રચાર અને પ્રસારનું ભગીરથ કાર્ય કર્યું હતું. સમગ્ર ભારતની ત્રણ વખત ખુલ્લા પગે ચારી પરિભ્રમણ કરી ૮૪ સ્થલોએ શ્રીમદ ભાગવતનું પારાયણ કરી પુષ્ટિમાર્ગના સિદ્ધાંતો બહુજન લોકોને સમજાવ્યા હતા. તેઓશ્રીએ તેમને સેવકોને પુષ્ટિમાર્ગીય સેવાના સિદ્ધાંતો હૃદયારુઢ થાય તદર્થે સોળ સ્રોતો - ગ્રંથની રચના કરી ઉપકૃત કર્યા હતા. તેઓશ્રીએ માયાવાદનું વર્ણન કરી શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યું હતું. તેઓશ્રી તેમના ત્રેપનમાં વર્ષમાં પૂર્વાર્ધમાં સદેહે નિત્યલીલામાં પધાર્યા હતા. આસુર વ્યામોહ લીલા પ્રસંગથી પ્રસિદ્ધ છે. તેઓશ્રી એ ૧૬ ગ્રંથ - ષોડસ ગ્રંથ ઉપરાંત બીજા અણુભાષ્ય, સુબોધીનીજી, પત્રાવલંબન, પૂર્વમિમાંસા ઇત્યાદિ મળી કુલ નાના મોટા ૩૫ ગ્રંથોમાં સનાતન ધર્મનું વિવેચન અને પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોનું પ્રતિપાદન કરેલ છે.




આ પ્રાગ્ટ્ય મહોત્સવ પ્રસંગે તેમના પુષ્ટીમાર્ગીય મંત્ર, સિદ્ધાંત, ઉપદેશ ઇત્યાદિ જીવન સાફલ્ય માટે તેમજ ઉદ્ધાર માટેના સંક્ષિપ્તમાં નીચે મુજબ છે.

● શ્રી મહાપ્રભુજી શ્રી વલ્લભે 'શ્રી કૃષ્ણઃ શરણં મમ' એ અષ્ટાક્ષરી મહામંત્ર આપ્યો છે આ અનમોલ રત્નરુપી મહામંત્રને 'હૃદયમાં, અંતરમાં અને મનમાં સ્થાન આપ્યું છે.'

● સાચો આનંદ કેવળ સચ્ચિદાનંદ શ્રીકૃષ્ણમાં છે.

● શ્રીકૃષ્ણના મહાત્મયનું જ્ઞાન થાય પછી પ્રભુમાં ઘણો જ સર્વાધિક સ્નેહ દૃઢ થાય તેમજ સ્નેહભક્તિથી મુક્તિ પ્રાપ્ત થાય તે જ પૂર્ણ જ્ઞાન છે.

● પુષ્ટિમાર્ગમાં ફળની અપેક્ષા સિવાય કર્મ કરી શ્રીકૃષ્ણનો પ્રેમ અને સેવા એ જ માત્ર નિષ્કામ કર્મ હોય છે.

● પ્રેમલક્ષણા ભક્તિથી દૃશ્ય પીગળે છે અને શ્રીકૃષ્ણની સેવા ભક્તિથી શોક દૂર થાય છે. જેથી શ્રીકૃષ્ણમાં પ્રેમથી મન પરોવેલું રાખવું.

● કેવળ સત્સંગ, ભાવ, પ્રેમ, વિયોગ અને તીર્થ મેનોપિપાસાથી શ્રીકૃષ્ણમાં તદ્રુપ થવાય છે.

● પુષ્ટિમાર્ગ ભગવાનકૃપાનો માર્ગ છે. તે મેળવવા કેવળ જ્ઞાન, શક્તિ, સંપત્તિ, કારગત નથી નિવડતાં. શ્રીકૃષ્ણને દીનતા અને પ્રેમથી, રીઝવી કૃપા મેળવી સાયુજ્ય મેળવી શકાય છે.

● શ્રીકૃષ્ણને પોતાનું સર્વસ્વ નિવેદન કરી સેવામાં દેહ, ઇન્દ્રિયપ્રાણ વિગેરેને વિનિયોગ કરવાથી પ્રેમ ઉત્પન્ન થવાથી સાક્ષાત ભગવાનનો અનુભવ થાય છે.

● શ્રીકૃષ્ણ સાથે સંબંધ બંધાવાથી સર્વ અનિષ્ટોનો નાશ થાય છે.

● પુષ્ટિ માર્ગમાં વૈષ્ણવ જાણે કે મારું કોઇ નથી હું પોતે અને મારી પાસે જે કંઇ છે તે સર્વ શ્રીકૃષ્ણના છે. તે ઇશ્વરને સમર્પિત કરી સેવાભાવથી નિર્વહન કરી સાયુજ્ય કેળવવું જોઇએ.

● શ્રીકૃષ્ણ દર્શનની અપેક્ષા સિવાય બીજા કોઇ પદાર્થની અપેક્ષા દૂર કરવી.

● પુષ્ટિમાર્ગમાં ભગવાન ભક્તના સ્વભાવ સાથે અનુકૂલન સાધી લીલા અને કાર્ય કરે છે.

● શ્રીકૃષ્ણમાં સ્નેહ ભયનો નાશ કરે છે.

● માનવીનાં અહિંતા અને મમતા બંને ખોટા છે. સર્વશક્તિમાન ફક્ત શ્રીકૃષ્ણ જ છે.

● આપણું ધનશ્રી શ્રીકૃષ્ણ છે. આમ રામરતન રુપ શ્રીકૃષ્ણ રુપી ધનની પ્રાપ્તિ થતાં અન્ય કોઇ ધનની અપેક્ષા રહેતી નથી.

● જો માનવી પાસે કોઇ માલિકીની વસ્તુ કે ધન પોતાનું હોય તો તે દાન કરી ધો. પરંતુ પુષ્ટિ માર્ગમાં સર્વે ઇશ્વરને સમર્પિત હોવાથી ઇશ્વરની વસ્તુનું દાન કર્યું, તેમ ન કહેવાય પરંતુ તેના કાર્ય માટે તેનો વિનિયોગ કર્યો કહેવાય.

● દરેક કાર્યના કર્તા શ્રીકૃષ્ણને જ માનવાથી કોઇ ચિંતા કે કારણ રહેસે નહીં. જેથી કદાચ કોઇ કાર્ય સારું ન થાય કે નિષ્ફળ જાય એનું દુઃખ, ઉદ્વેગ કે ગ્લાનિ રહેશે નહીં.

● શ્રીકૃષ્ણ સર્વત્ર છે જેથી કોઇનું કઠોળ વચન કે ઠપકો તે ઇશ્વરે આપેલ માની તે સહન કરી શકાશે.

● શ્રીકૃષ્ણમાં શરણભાવ રાખવાથી કોઇ સારું કાર્ય થયું હોય તો તેનું અભિમાન ન રાખતાં શ્રીકૃષ્ણનું મને શરમ હોઇ આ કામ મારાથી થઇ શક્યું એવી ભાવના રાખવાથી ગર્વમાંથી - અભિમાનમાંથી બચી શકાય છે.



● જે કાંઇ મળ્યું છે તે ઇશ્વરે આપેલ છે તેમ માની ચાલવાથી મમતાભાવમાંથી ઉગરી શકાય અને મમતા ખોટી છે સ્પષ્ટ થાય.

● મોહ માયા રુપ છે તે ફળ શ્રીકૃષ્ણના સચ્ચિદાનંદ સ્વરુપથી જ નાશ પામે છે.

● શ્રીકૃષ્ણનું દાસત્વ સ્વીકારવામાં, દ્રવ્ય, દેહ, પુત્ર ઇત્યાદિથી થતા સર્વ ભય, લોભ દૂર થાય છે.

● કોઇ પણ ફળની અપેક્ષા વિના, વિધિ વિના ફક્ત સ્નેહને લીધે ભક્ત શ્રીકૃષ્ણની ભક્તિ કરે છે. આવી સેવાભક્તિથી તેને શ્રી પુર્ણ પુરષોત્તમની પ્રાપ્તિ થાય છે.

● શ્રીકૃષ્ણ પોતાની સેવાભક્તિ ભજન કરનારનું કલ્યાણ કરે છે.

● વિવેક ધર્મ અને આશ્રમથી પરમાનંદની પ્રાપ્તિ થાય છે.

● પુષ્ટિજીવો પોતાના સુખને માટે નહિ પરંતુ ઇશ્વરના સુખ માટે સેવા કર્મ કરે છે. જેથી શ્રીકૃષ્ણ તેમના પર કૃપા કરી મોક્ષથી પણ અધિક સેવા પોતાના સ્વરુપાનંદનું દાન કરે છે.

● શ્રીકૃષ્ણ આનંદમય હોઇ કૃપા કરી નિજાનંદનું દાન કરે છે, અને તે જ પરમ રુપ છે.

● શ્રીકૃષ્ણના ગુણોનું ગામ તેમની વિરહદશામાં જ સંભવ છે.

● જયારે શ્રીકૃષ્ણ પોતાના ભક્તથી સંતુષ્ટ થાય ત્યારે તે આનંદ સ્વરુપે પ્રગટ થતાં ભક્તનાં સર્વે દુઃખ તેમની કૃપાથી દૂર થતાં સુખની પ્રાપ્ત થાય છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પ્રાગટ્ય મહોત્સવ પ્રસંગ નિમિત્તે શ્રીકૃષ્ણ શરણં મમ નમન કરું શ્રી મહાપ્રભુજીને, નમન કરું શ્રી શ્રીનાથજીને, અને નમનન કરું શ્રી યમુનાજીને...

### સિદ્ધાંત રહસ્ય

શ્રાવસ માસની શુક્લપક્ષની એકાદશીની મધ્યરાત્રે,
સાક્ષાત ભગવાને જે કહ્યું, અક્ષરશઃ હું કહું છે તે,
બ્રહ્મસંબંધ કરવાથી સર્વદોષો, દેહ તથા જીવના,
નાશ પામે છે, જે સ્મૃતિશાસ્ત્રમાં કહ્યા પાંચ પ્રકારના.
દેશકાળથી ઉત્પન્ન કે લોકવેદમાં સહજ દોષો કહ્યા,
સંયોગ સ્પર્શથી થતા સર્વદોષો કોઇ પ્રકાર ન માનવા.
અન્યથા સર્વદોષોનો કોઇ પણ પ્રકારે ન થાય નાશ,
તેથી અસમર્પિત વસ્તુઓનો સર્વથા કરવો ત્યાગ.
નિવેદિત વ્યક્તિએ સર્વકાર્ય સમર્પિત કરવું તે નિયમ,
દેવોના દેવને અર્ધભોગવેલ વસ્તુનું રૂચતું નથી સમર્પણ.
પ્રારંભમાં તેથી સર્વકાર્ય તથા પદાર્થોનું કરવું સમર્પણ,
ધરેલું કે નિવેદિત કરેલ પ્રસાદરુપે લેવું તે છે વચન.
શ્રી હરિનું સર્વ ન લેવા યોગ્ય એ મંતવ્ય છે
અન્ય માર્ગના લોકોનું.
આલોકમાં જે રીતે સેવકોનો વ્યવહાર સિદ્ધ
થાય છે સારી રીતે,
તે રીતે સમર્પણ કરીને કાર્ય કરવાથી સર્વને
પ્રાપ્ત થાય બ્રહ્મત્વ.
સર્વદોષ વાળા જળ ગંગારુપ તથાં ગુણદોષ
વગેરેનું વર્ણન,
ન કરવાપાત્ર, થતાં ગંગાપણું સિદ્ધ અહીં પણ
માનો તે મુજબ.
આમ શ્રી વલ્લભાચાર્યજી વિરચિત 'સિદ્ધાંત રહસ્ય'
થયું સંપન્ન

**- સુમંતભાઇ મં. શાહ**